# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-09-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ભુજમાં નવીન પશુચિકિત્સા – પશુપાલન મહાવિદ્યાલય

**ભુજમાં નવીન પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય માટે પશુપાલન મંત્રી રાઘવજી પટેલની ઉપસ્થિતિમાં પશુપાલન વિભાગ અને કામધેનુ વિશ્વવિદ્યાલય વચ્ચે સમજૂતી કરાર- MoU કરાયા. સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ, આ MoU દ્વારા ભુજ ખાતે પશુપાલન ખાતા હસ્તકની 38 એકર અને 23 ગુંઠા જમીન તથા તેના પરની મિલકત કામધેનુ વિશ્વવિદ્યાલયના હસ્તક સોંપાઈ છે. આ જમીન અને મિલકતનો ઉપયોગ પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયના શૈક્ષણિક, સંશોધન તથા વિસ્તરણ કાર્યો માટે કરાશે. આ પહેલથી કચ્છ અને રાજ્યના અન્ય પશુપાલકોને આધુનિક પશુચિકિત્સા અને સંશોધનના લાભ મળશે.**

**આ મહાવિદ્યાલયને વહેલી તકે કાર્યરત કરવા આ વિશ્વવિદ્યાલય દ્વારા અંદાજે ૩૮ જેટલા સ્ટાફની નિમણૂક પણ કરી દેવામાં આવી છે. ભુજ ખાતે આ નવીન મહાવિદ્યાલય કાર્યરત થતાં રાજ્યમાં કુલ છ પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયો કાર્યરત થશે.**

**--------------------------------------------------------------------------------**

## નગરપાલિકાઓની સત્તા મર્યાદામાં વધારો

**વિકાસના કામોની મંજૂરી આપવાની નગરપાલિકાઓની સત્તામર્યાદામાં 50 ટકાનો વધારો કરાયો છે. રાજ્ય સરકારના આ નિર્ણય અંતર્ગત શહેરી વિકાસ વિભાગની યોજનાઓ તેમજ વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અન્વયે રાજ્ય સરકારના આયોજન પ્રભાગ હસ્તકના અનુદાનમાંથી નગરપાલિકાઓ દ્વારા હાથ ધરવાના થતા કામોની તાંત્રિક અને વહીવટી મંજૂરી આપવાની સત્તા મર્યાદામાં 50 ટકાનો વધારો કરવાનો મહત્વનો નિર્ણય લેવાયો છે.**

આ નિર્ણય હેઠળ 'અ' વર્ગની નગરપાલિકામાં હવે નગરપાલિકા કક્ષાની સમિતિ દ્વારા જ **70** લાખ રૂપિયા સુધીના કામોની તાંત્રિક-વહીવટી મંજૂરી આપી શકાશે. જ્યારે 'બ' વર્ગમાં **50** લાખ, 'ક' વર્ગમાં **40** લાખ અને 'ડ' વર્ગમાં **30** લાખ રૂપિયા સુધીના કામોને તાંત્રિક-વહીવટી મંજૂરી આપી શકાશે.

---

## નખત્રાણા-ભચાઉમાં મેળો

નખત્રાણામાં અને ભચાઉના વોંધમાં રામદેવપીરના મેળાનો ગઇકાલથી પ્રારંભ થયો છે. નખત્રાણાના રામેશ્વર પાસે આવેલા રામદેવપીરના મંદિરે ભાતીગળ લોકમેળો યોજાયો છે. ત્રિદિવસીય મેળામાં મનોરંજન સાધનો, ખાણી-પીણી સહિતના ત્રણસો જેટલા ધંધાદારીઓ મેળામાં જોડાયા છે. મેળાનો આજે દ્વિતીય દિવસ છે, પ્રથમ દિવસે મોટી સંખ્યામાં સહેલાણીઓ ઉમટી પડ્યા હતા. મેળાના અંતિમ દિવસે મલ મલાખડો યોજાશે.

તો ભચાઉ તાલુકાનાં વોંધ ખાતે વાગડના પ્રસિદ્ધ રામદેવપીર મેળાનો પણ ગઇકાલથી પ્રારંભ થયો છે. મેળામાં ભાવિકો અને વાગડના લોકોની સાથે મુંબઈગરા મોટી સંખ્યામાં આવી પહોંચ્યા હતા. મેળામાં **25** જેટલા આધુનિક ટેકનોલોજી વાળા રેન્જર, ચકડોળ, મોતનો કૂવો સહિતના મનોરંજક સાધનો, ફેન્સી રેડીમેન્ટ કપડાં, કટલેરી, ખાણીપીણી સહિતના સ્ટોલો પર ભીડ જોવા મળી હતી.

---

## પૂર્વ કચ્છ : 112 ઇમરજન્સી સેવા હેઠળ 5 નવા વાહનો કાર્યરત

પૂર્વ કચ્છમાં લોકોની સુરક્ષા અને ત્વરિત મદદ માટે **112** ઇમરજન્સી હેલ્પલાઇન સેવા હેઠળ **5** નવા વાહનો કાર્યરત કરવામાં આવ્યા છે. આ વાહનોને ગાંધીધામ ખાતે પૂર્વ કચ્છના પોલીસ અધિક્ષક સાગર બગમારે લીલી ઝંડી આપી હતી. આ વાહનો દ્વારા કોઈપણ કટોકટીના સમયે નાગરિકોને તાત્કાલિક પોલીસ સહાય પૂરી પાડવામાં આવશે.

---

## આરટીઓ વાહન રિ-રજિસ્ટ્રેશન કેમ્પ

પશ્ચિમ કચ્છ આરટીઓ કચેરી દ્વારા સપ્ટેમ્બર માસનો નોન ટ્રાન્સપોર્ટ વાહનોનો રિ-રજિસ્ટ્રેશન તથા નોન ટ્રાન્સપોર્ટ વાહનોના સીપીઆઇ કરાવવા અંગેના કેમ્પો માંડવી અને મુન્દ્રામાં યોજવામાં આવશે. કેમ્પના સ્થળે નોન ટ્રાન્સપોર્ટ વાહનોની રિ-રજિસ્ટ્રેશન તથા સીપીઆઇની કામગીરી કરી આપવામાં આવશે તથા ભુજ કચેરીએ પણ આ કામગીરી કરી આપવામાં આવશે. માંડવીમાં **16** સપ્ટેમ્બરના સવારે **10**થી **1** અને મુન્દ્રામાં અઢી વાગ્યાથી સાડા પાંચ વાગ્યા સુધી કેમ્પ યોજાશે.

---------------------------------------------------------------------------------

## શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત સમારોહ યોજાશે

પાંચ સપ્ટેમ્બર શિક્ષક દિને ભુજની મુક્તજીવન સ્વમીબાપા મહિલા કોલેજ કચ્છ જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત સમારોહ યોજાશે. જિલ્લા શિક્ષણ વિભાગના ઉપક્રમે યોજાનારા કાર્યક્રમમાં જિલ્લા અને તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનિત કરાશે.

---------------------------------------------------------------------------------

## કોલેજમાં સુરક્ષા વ્યવસ્થા

ભુજની કોલેજમાં છાત્રાની હત્યાની ઘટના બાદ જિલ્લાની તમામ કોલેજોમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ સઘન બનાવવા સૂચના આપવામાં આવી છે. કચ્છ યુનિવર્સિટીના કુલસચિવ દ્વારા જારી કરાયેલા આદેશમાં તમામ કોલેજ અને અનુસ્નાતક ભવનમાં સીસીટીવી કેમેરા લગાવી સલામતીની યોગ્ય વ્યવસ્થા પ્રદાન કરવા, કોઈ પણ ઘટના ઘટે તો તરત જ નજીકના પોલીસ મથકે જાણ કરવા, જો આવી ઘટના બને, તો તત્કાળ અસરથી શું કરવું, સ્વબચાવ કેવી રીતે કરવો, પોલીસને તાત્કાલિક જાણ કેવી રીતે કરવી તેના અંગે સંબંધીઓને માહિતગાર કરવા જણાવાયું છે. વિદ્યાર્થીઓ માનસિક તણાવમાંથી મુક્ત થાય તે હેતુથી મનોવૈજ્ઞાનિક તજજ્ઞોને બોલાવી કાઉન્સેલિંગ કરવા, વિદ્યાર્થીઓને સ્વબચાવની તાલીમ આપતા કાર્યક્રમનું આયોજન કરવા પણ જણાવાયું છે

---

# કબરાઉમાં ખેડૂત તાલીમ વર્ગ

**ભચાઉ વિભાગીય સંશોધન કેન્દ્ર દ્વારા કબરાઉમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી પ્રાકૃતિક ખેતી ઉપર ખેડૂત તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતુ, જેમાં 92 જેટલા ખેડૂતે ભાગ લીધો.**

---